અનામત / રોસ્ટર પ્રથાના અમલીકરણ અંગે
ન્યાયકીય કાર્યવાહી સચિવાલયના વહીવટી
વિભાગે કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
પરિપત્ર ક્રમાંક:પવટ /૩૦૯૯/ ૯૭૦/ર,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૮/૭/૯૯

**પ રિ પ ત્ર ::-**

સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૪/૮૩ ના ઠરાવ ક્રમાંક: પવસ / ૧૧૮૩/ ૮૨૫/ગ.૩ અને તા.૮/૩/૯૯ ના ઠરાવ ક્રમાંક: પવસ/૧૬૯૬/૮૭૮/ગ.૪ અન્વયે આ વિભાગે અનામત / રોસ્ટરની અમલીકરણ અંગે નોડલ એજન્સી તરીકે મોનીટરીંગ કરવાનું રહે છે. અનામત જાતિ / વર્ગના અરજદારો તરફથી પ્રસંગોપાત નામદાર હાઈકોર્ટ / ટ્રિબ્યુનલ સમક્ષ બઢતી બાબતમાં અપીલ કરવામાં આવે છે તેમાં ઘણી વખત અરજદાર તરફથી તેમના સબંધિત વિભાગને પક્ષકાર બનાવવા ઉપરાંત આ વિભાગને પણ પક્ષકાર બનાવવામાં આવે છે. આ કાર્યવાહીના પરીણામે સબંધિત વહીવટી વિભાગો તરફથી અનામત / રોસ્ટરની બાબત હોઈ આ વિભાગને કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે. જે [redacted] સરકારના હુકમો સાથે યોગ્ય અને સુસંગત નથી કારણ કે આ વિભાગે અનામત / રોસ્ટરના અમલીકરણ અંગે નોડલ એજન્સી તરીકે કામ કરવાનું રહે છે અને સબંધિત અરજદારને કયા કારણસર અન્યાય થયો છે તેની ચકાસણી સબંધિત વહીવટી વિભાગે કરવાની રહે છે અને તે વિભાગે જરુર જણાયે આ વિભાગનો પરામર્શ કરવાનો રહે છે.

૨/- ઉપર જણાવેલ પરિસ્થિતિને અનુલક્ષીને સચિવાલયના સર્વે વહીવટી વિભાગોને આથી જણાવવામાં આવે છે કે તેમના વહીવટી નિયંત્રણ હેઠળના ખાતાના વડા / બોર્ડ / નિગમ / સ્વાયત્ત સંસ્થા વગેરે કર્મચારીઓ તરફથી રોસ્ટર કે અનામત જગા પર બઢતી / નિમણુંક અંગે જે કોઈ ન્યાયિક કે અર્ધ-ન્યાયિક બાબતો ઉપસ્થિત થાય તે અંગેની તમામ કાર્યવાહી રાજયકક્ષાએ સબંધિત વહીવટી વિભાગે કરવાની રહે છે. અને આ અંગેની સમગ્ર જવાબદારી પણ સબંધિત વહીવટી વિભાગની રહે છે. તેમ છતાં આવી અપીલમાં કોઈ મુદા અંગે સ્પષ્ટતા કે માર્ગદર્શન મેળવવું જરુરી જણાય તો તે વિભાગ આ વિભાગનો પરામર્શ કરી શકે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એ. વી. શાહ )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

નકલ રવાના :
સચિવાલયના સર્વે વહીવટી વિભાગો(પ વધારાની નકલો સાથે)